**શહેરી ગરીબોના પુન:વસન માટેની યોજના હેઠળ વર્ષ ૨૦૦૮-૦૯ માટેની કુલ રૂ. ૧૧.૨૦ કરોડની રકમ અન્વયે એપ્રીલ-મેં માસ માટે છૂટી થયેલ ગ્રાન્ટ ફાળવવા બાબત**

---

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ

**પરિપત્ર ક્રમાંકઃ યુ.બી.એસ./૧૦૨૦૦૮/૮૫૮ /ધ**

સચિવાલય ગાંધીનગર

તા. ૧૭/૦૪/૨૦૦૮

**વંચાણે લીધાઃ-**

1. શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા. ૨૧/૦૪/૨૦૦૭ ના ઠરાવ ક્રમાંકઃ યુબીએસ/ ૧૦૨૦૦૭/ ૩૦૦/૭/ ધ (યોજનાનો ઠરાવ)
2. શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા. ૦૮/૦૪/૨૦૦૮ ના પરિપત્ર ક્રમાંકઃ અપબ/ ૧૨૦૮/ ૮૪૬/ ધ ( ગ્રાન્ટ છૂટી કરવાનો ઠરાવ)

**આમુખઃ-**

રાજ્ય સરકારે ઉપર વંચાણે લીધામાં અનુ. ૧ આગળના ઠરાવથી "શહેરી ગરીબોના પુન:વસન માટેની યોજનાના તેના ઘટક કાર્યક્રમો (૧.) શહેર સમૃહ વિકાસ પરિયોજના (૨.) શહેરી ગરીબો માટે પાયાની સેવાનો કાર્યક્રમ, (૩.)તેમજ ગંદા વિસ્તારોમાં પર્યાવરણલક્ષી સુધારણા કાર્યક્રમ સાથે અમલમાં મૂકેલ છે. આ માટે વર્ષ ૨૦૦૮-૦૯ માટે રૂ. ૧૧.૨૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. તેમજ અનુ. ૨ આગળના ઠરાવથી જોગવાઇ પૈકીની રૂ.૫૦.૦૦ લાખની રકમ ખર્ચ માટે છૂટી કરેલ છે.

આ યોજનામાંથી વર્ષ ૨૦૦૮-૦૯ ની જોગવાઇ માંથી ખર્ચ કરવા અને છૂટી થયેલ રૂ. ૫૦.૦૦ લાખની રકમ ફાળવવા આયોજન કરવાની બાબત વિચારણા હેઠળ હતી. જેમાં **પુખ્ત વિચારણાના અંતે નીચે મુજબ ઠરાવવામાં આવેલ છે.**

**ઠરાવઃ-**

**"શહેરી ગરીબોના પુન:વસન માટેની યોજના"**. વર્ષ ૨૦૦૮-૦૯ માં ખર્ચ માટે આગળ પત્રકમાં દર્શાવ્યા મુજબનુ આયોજન કરવામાં આવેલ છે. તેમજ છૂટી થયેલ રૂ.

**૫૦.૦૦ લાખની રકમ નીચે મુજબ નોડલ એજન્સી નિયામકશ્રી નગરપાલિકાઓ અને ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ ને ફાળવવાનુ આથી ઠરાવવામાં આવે છે..**

| ક્રમ | યોજનાનુ નામ **શહેરી ગરીબોના પુનઃવસન માટેની યોજના** | ૨૦૦૮-૦૯ (રૂ. લાખમાં) | | નોડલ એજન્સી |
|---|---|---|---|---|
| | | કમ્પોનેન્ટ વાઇઝ જોગવાઇ | એપ્રીલ-જૂન ગ્રાન્ટ ફાળવણી | |
| ૧ | શહેરી ગરીબો માટે પાયાની સેવાનો કાર્યક્રમ | ૦૭૫.૦૦ | ૧૫.૦૦ | નિયામકશ્રી નગરપાલિકાઓ |
| ૨ | શહેરી સમુહ વિકાસ યોજના | ૦૨૦.૦૦ | ૦૫.૦૦ | |
| ૩ | શહેરી ગરીબો માટે સર્વે | -------- | ----- | ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ |
| ૪ | ગંદા વિસ્તાર પર્યાવરણલક્ષી સુધારા | ૧૫૦.૦૦ | ૩૦.૦૦ | |
| ૫ | શહેરી ગરીબો માટેની યોજનાઓ | ૮૭૫.૦૦ | ૦૦૦.૦૦ | |
| | કુલ | ૧૧૨૦.૦૦ | ૫૦.૦૦ | |

1. **શહેરી વિસ્તાર માટે પાયાની સેવાના કાર્યક્રમ (યુ.બી.એસ.)** માટે વર્ષ ૨૦૦૮-૦૯ ની કુલ કામ ચલાઉ જોગવાઇ રૂ. ૭૫.૦૦ લાખની મર્યાદા નકકી કરેલ છે. અને **શહેર સમુહ વિકાસ પરિયોજના.** માટે વર્ષ ૨૦૦૮-૦૯ ની કુલ કામ ચલાઉ જોગવાઇ રૂ. ૨૦.૦૦ લાખની મર્યાદા નકકી કરેલ છે. આ બે યોજનાઓ માટે ફાળવેલ કુલ રૂ. ૨૦.૦૦ લાખની રકમ (રૂપિયા વીસ લાખ) નિયામકશ્રી નગરપાલિકાએ, નિયંત્રણ અને વહેંચણી અધિકારી રૂએ તીજોરીને બીલ રજૂ કરી નીચે દર્શાવેલ બજેટ સદરે ખર્ચ પાડવાનો રહેશે.

2. **ગંદા વિસ્તારોમાં પર્યાવરણલક્ષી સુધારણા કાર્યક્રમ** માટે વર્ષ ૨૦૦૮-૦૯ ની કુલ કામ ચલાઉ જોગવાઇ રૂ. ૧૫૦.૦૦ લાખની મર્યાદા નકકી કરેલ છે. અને બી.પી.એલ સર્વે માટે ચાલુ સાલ કોઇ ફાળવણી કરવાની નથી જ્યારે શહેરી ગરીબો માટેની યોજનાઓ ઘડવા માટે રૂ. ૮.૭૫ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. આ યોજનાઓ માટે સંયુક્ત સચિવશ્રી (પ્રો), નિયંત્રણ અધિકારી છે. આથી આ યોજનાઓ માટે ફાળવેલ રૂ.૩૦.૦૦

લાખની રકમ (રૂપિયા ત્રીસ લાખની રકમ) માટે વિભાગની રોકડ શાખાએ તીજોરીને બીલ રજૂ કરી, ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડને એકાઉન્ટ પેઇઝ ચેકથી ચૂકવણુ કરવાનું રહેશે, આ અંગેનો ખર્ચ ઉપર દર્શાવેલ બજેટ સદરે ઉધારવાનો રહેશે.

ફાળવેલ ગ્રાન્ટની મર્યાદમાં રહીનેજ ખર્ચ કરવાનો રહેશે અને ફાળવેલ ગ્રાન્ટમાંથી કોઇ પણ રકમ પી.એલ.એ.માં જમાં કરાવી શકાશે નહી. આ અંગેનો ખર્ચ વર્ષ ૨૦૦૮-૦૯ ની જોગવાઇમાંથી માંથી મેળવવાનો રહેશે અને નીચેના સદરે ઉધારવાનો રહેશે.

**માંગણી નં.૧૦૨** મુખ્ય સદર-૨૨૧૭-શહેરી વિકાસ.
**પેટા મુખ્ય સદર**-03- નાના અને મધ્યમ નગરોનો સંકલિત વિકાસ
**ગૌણ સદરઃ**(૧૯૧) સ્થાનિક સંસ્થાઓ, નિગમો, શહેરી વિકાસતંત્રો, નગર સુધારણા બોર્ડ વિગેરે સહાય.
**પેટા સદરઃ** (૦૨) યુ.ડી.પી.-૩-શહેરી ગરીબોના પુનઃવસવસન માટેની યોજના (ગરીબ **સમૃધ્ધિ યોજના**) (આયોજન)
**ચાર્જેબલ હેડઃ** ૨૨૧૭ ૦૩ ૧૯૧ ૪૨૮      કોમ્પ્યુટર કોડ નંબરઃ ૧૧૭૩૧૨

આ અંગે વિભાગની ફાઇલ ક્રમાંક BGT-102007-3708-Dh ઉપર તા.૧૫/૦૩/૨૦૦૮ ની નોંધથી નાણાસલાહકારશ્રીએ સંમતિ મેળવવામાં આવેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(વી.સી.વિનોદ)
નાયબ ઉપસચિવ
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ

**નકલ રવાના પ્રતિ,**

- નિયામકશ્રી નગરપાલિકાઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ, ગાંધીનગર.
- અધિક મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મીશન, ગાંધીનગર
- ઉપસચિવશ્રી (રોકડ) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિ. વિભાગ સચિવાલય, ગાંધીનગર (૩ નકલ)